# કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે AI: સેન્ટર ઓફ એક્સલન્સનું ઉદઘાટન

## સંશોધન, ઈનોવેશન, ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચે સક્રિય સેતુ બનશે

ગાંધીનગર



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સેક્ટર -૨૩ ખાતે AI : સેન્ટર ઓફ એક્સલન્સની શરૂઆત કરવામાં આવી છે. જેનું ઉદઘાટન પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. નવતર કેન્દ્રની સ્થાપનાનો મુખ્ય હેતુ એ છે કે વિદ્યાર્થીઓને AI વિષયક વ્યાપક જ્ઞાન, અનુસંધાનક્ષમ માહોલ અને આંતરરાષ્ટ્રીય સ્તરે સમકક્ષ તાલીમ પ્રાપ્ત થાય. સેન્ટર માત્ર શૈક્ષણિક કેન્દ્ર નથી, પરંતુ એ અભ્યાસ, સંશોધન, ઈનોવેશન અને ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચે એક સક્રિય સેતુ તરીકે કાર્ય કરશે. અહીં વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, સંશોધનના અવસરો, ઉદ્યોગજગત સાથે કોલ્લાબોરેટિવ વર્કશોપ્સ અને પ્રેક્ટિકલ કસોટીઓની સગવડ પણ આપવામાં આવશે. સેન્ટરની મદદથી વિદ્યાર્થીઓ AI ના વિવિધ ક્ષેત્રો જેમ કે મશીન લર્નિંગ, ડીપ લર્નિંગ, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ, કોમ્પ્યુટર વિઝન, રોબોટિક્સ વગેરે વિષયોમાં ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવશે. તેમજ સ્ટાર્ટઅપ કલ્ચર, ઈનોવેટિવ આઈડિયાઝ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં પણ તેઓને માર્ગદર્શન મળશે.

19/07/2025 સંદેશ